ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૨૧
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૫/૧૧/૨૦૧૯

// પરિપત્ર //

વિષયઃ- નિગમની વસાહતોમાં રહેણાંકના પ્લોટની ફાળવણી બાબતની નીતિમાં અંશતઃ સુધારા બાબત.

સંદર્ભઃ- (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/એસએન્ડએ/રહેણાંક નીતિ/પીઓએલ/૨૦૦૪/૨૨, તા.૨૨/૦૯/૨૦૦૪.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પીઓએલ/૨૦૦૭/૦૭, તા.૦૨/૦૨/૨૦૦૭.
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૫, તા.૧૦/૦૭/૨૦૦૮.
(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૧૨૧, તા.૨૪/૧૦/૨૦૧૭.

નિગમ ધ્વારા સ્થપાયેલ વસાહતોમાં રહેણાંકની સુવિધા માટે જમીન ફાળવવાની નીતિ અંગે સમયાંતરે જારી થયેલ પરિપત્રોના અનુસંધાને નીતિઓ અમલમાં આવેલ છે. રહેણાંકની સુવિધા માટે પ્લોટની ફાળવણી અન્વયેની નીતિની પુનઃ સમીક્ષાની બાબત તા.૨૪/૦૯/૨૦૧૯ના રોજ યોજાયેલ નિગમની ૫૦૪મી સભા સમક્ષ કાર્યસૂચિ રજૂ કરવામાં આવેલ. જે અન્વયે નિગમ ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૩૩/પ્રિ-વિતરણ/૫૦૪, તા.૨૪/૦૯/૨૦૧૯થી જરૂરી નિર્ણય કરવામાં આવેલ. જે અન્વયે રહેણાંકની સુવિધા માટે પ્લોટની ફાળવણી અન્વયેની નીતિમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) નિગમની તમામ ઔદ્યોગિક વસાહતોમાં તા.૦૧/૧૨/૨૦૧૮ પહેલાંની ઔદ્યોગિક રહેણાંક પ્લોટ ફાળવવા માટેની પડતર ઓનલાઇન તેમજ ઓફલાઇન તમામ અરજીઓ દફતરે કરી નવેસરથી ઓનલાઇન પધ્ધતિ મુજબ જ અરજીઓ સ્વીકારવાની રહેશે.

(૨) ગાંધીનગર વસાહત માટે હાઉસીંગ ઝોનમાં મર્યાદિત જમીન ઉપલબ્ધિના કારણે કર્મચારીઓ અને અધિકારીશ્રીઓ માટે ૯૦ ચો.મી.ની મર્યાદા પ્રમાણેનું જ ધોરણ ઔદ્યોગિક એકમોને અપાતા રહેણાંક પ્લોટ માટે પણ લાગુ કરવાનું રહેશે.

(૩) નિગમની જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/એચએન્ડએ/રહેણાંક નીતિ/પીઓએલ/૨૦૦૪/૨૨, તા.૨૨/૦૯/૨૦૦૪ ના મુદ્દા નં. (અ) (૧) ની સ્પષ્ટતા કરતાં એકવાર ઔદ્યોગિક/વાણિજ્ય પ્લોટને રહેણાંક પ્લોટની ફાળવણી કર્યા બાદ તે ઔદ્યોગિક/વાણિજ્ય પ્લોટ વેચાણ/પેટા ભાડે/તબદીલ થાય તેવા કિસ્સામાં બીજીવાર પ્લોટ મળવાપાત્ર થશે નહિ.

નિગમની રહેણાંકના પ્લોટના વિતરણની પ્રવર્તમાન નીતિમાં ઉપર મુજબના અંશતઃ સુધારાઓ સિવાય પ્રવર્તમાન નીતિનો યથાવત્ અમલ કરવાનો રહેશે. ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

સહી/-

**(એમ. થેન્નારસન)**

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>**નકલ જયભારત સહ રવાનાઃ-**</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) જ.મે.શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

નાયબ મેનેજર (મહેકમ)

જીઆઇડીસી, ગાંધીનગર.